પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૬ | ૧૭ માર્ચ, ૨૦૧૮, શનિવાર ; ફાગણ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**અન્ના હજારે ૨૩મીથી સત્યાગ્રહ કરશે**

જાણીતા ગાંધીવાદી કર્મશીલ અન્ના હજારે ખેડૂતોના પ્રશ્નોને ઉજાગર કરવા ૨૩મી માર્ચથી સત્યાગ્રહ આરંભશે.

**મુઝાહીદખાન પાકિસ્તાનના હવાઈદળના વડા**

પાકિસ્તાનના હવાઈદળના નવા વડા તરીકે મુઝાહીદ અનવરખાનની નિમણૂંક થઈ છે.

**ભગવત માનનુ પ્રદેશ પ્રમુખપદેથી રાજીનામુ**

આમ આદમી પાર્ટીના પંજાબ પ્રદેશ પ્રમુખ અને સાંસદ ભગવત માને પક્ષના પ્રમુખપદેથી રાજીનામુ આપી દીધુ છે. જો કે આખો દિવસ તેમને મનાવવા માટે અરવિંદ કેજરીવાલ સહિતના અગ્રણીઓ જોડાયા હતા.

# ટીડીપીએ એનડીએ સાથે છેડો ફાડ્યો

## આંધ્રને ખાસ દરજ્જો આપવાના મુદ્દે ટીડીપીનું જિદ્દી વલણ રહ્યું : મોદીની સરકારમાંથી પોતાના બે પ્રધાનોને પાછા ખેંચી લેવાના એક સપ્તાહ બાદ અંતે એનડીએનો સાથ છોડ્યો : અવિશ્વાસ દરખાસ્તને ટેકો પણ આપશે



નવીદિલ્હી, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારમાંથી બહાર થયા બાદ આખરે તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)એ એનડીએ ગઠબંધનની સાથે છેડો ફાડી લીધો છે. આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવા માટેની માંગણી મોદી સરકારે ફગાવી દીધા બાદ ટીડીપીએ છેડો ફાડવાની વિધિવતરીતે જાહેરાત કરી હતી. મોદી સરકારમાંથી તેના બે પ્રધાનોને પાછા ખેંચી લીધાના એક સપ્તાહ બાદ હવે એનડીએ સાથે છેડો ફાડવાનો નિર્ણય કર્યો હતો. લોકસભાની ત્રણ સીટો પણ હાલમાં યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપની હાર થયા બાદ એનડીએને આ બીજો મોટો ફટકો છે. આંધ્રપ્રદેશને જો ખાસ રાજ્યનો દરજ્જો આપવામાં આવશે તો બિહાર, ઝારખંડ અને ઓરિસ્સા સહિત અન્ય કેટલાક રાજ્યો પણ આ પ્રકારની માંગ કરી શકે છે તેવા નાણાં પ્રધાન અરૂણ જેટલીના નિવેદન બાદ ટીડીપીએ છેડો ફાડવાનો નિર્ણય કર્યો છે. પહેલા આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન ચન્દ્રબાબુ નાયડુએ કેન્દ્રમાં સામેલ રહેલા પોતાના પ્રધાનોને કેન્દ્રમાંથી રાજીનામુ આપવા માટે કહ્યુ હતુ. જવાબમાં ભાજપના બે પ્રધાનોએ પણ રાજ્ય સરકારની કેબિનેટમાંથી રાજીનામા આપ્યા હતા. નાયડુના નેતૃત્વમાં ટીડીપી અને વાયએસઆર કોંગ્રેસ પાર્ટી આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો ન મળતા ખુબ નાખુશ છે.

● અનુસંધાન પાન-૭ પર

### આંધ્રપ્રદેશના હિતમાં નિર્ણય : નાયડુ

આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવાની માંગને લઈને પોતાના બે સાંસદોના મંત્રીપદથી રાજીનામુ આપી દીધા બાદ ટીડીપીએ એનડીએ સાથે છેડો ફાડી લીધો છે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીની તૈયારીથી પહેલા ભાજપને મોટો ફટકો પડ્યો છે. વિધાનસભામાં નાયડુએ આજે કહ્યું હતું કે, અમે એનડીએનો સાથ છોડી ચુક્યા છે. અમે સ્વાર્થના હેતુસર નિર્ણય કરી રહ્યા નથી. બલ્કે આંધ્રપ્રદેશના હિતમાં નિર્ણય કરી રહ્યા છીએ. ચાર વર્ષથી તેઓએ દરેકરીતે પ્રયાસો

● અનુસંધાન પાન-૭ પર

# મોદી સરકાર સામે પહેલો અવિશ્વાસ પ્રસ્તાવ

## સોમવારના દિવસે અવિશ્વાસ દરખાસ્ત રજૂ કરાશે : અવિશ્વાસ દરખાસ્તને ડાબેરીઓ, કોંગ્રેસ, અન્ય પક્ષોએ આપેલો ટેકો

### શિવસેનાના વલણ પર સૌની નજર

નવીદિલ્હી, તા. ૧૬

અવિશ્વાસ દરખાસ્તને લઈને કેટલાક એનડીએના સાથી પક્ષો પણ નાખુશ દેખાઈ રહ્યા છે. શિવસેના પણ આને ટેકો આપી શકે છે. ટીડીપીએ મોદી સરકારની સામે અવિશ્વાસ દરખાસ્ત લાવવાની જાહેરાત કરી દીધી છે. બીજી બાજુ એનડીએના વધુ એક અસંતુષ્ટ સાથી પક્ષ શિવસેના પણ કેન્દ્ર સરકારને મોટો ફટકો આપવાની તૈયારીમાં છે. શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે પોતાના સાંસદો અને વરિષ્ઠ નેતાઓની સાથે બેઠક કરીને અંતિમ નિર્ણય લઈ શકે છે. શિવસેના હાલના દિવસોમાં મહારાષ્ટ્રમાં ભાજપ સામે સતત આક્ષેપો

● અનુસંધાન પાન-૭ પર

નવીદિલ્હી, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સામે પ્રથમ વખત અવિશ્વાસની દરખાસ્ત લાવવાની તૈયારી કરવામાં આવી ચુકી છે. આ દરખાસ્તને હવે મંજુરી મળી શકે છે. કારણ કે, મોટાભાગના વિરોધ પક્ષોએ આને ટેકો આપવાની જાહેરાત કરી દીધી છે. વાયએસઆર કોંગ્રેસ તરફથી રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવને મોટાભાગના વિરોધ પક્ષોનો ટેકો મળી રહ્યો છે. કોંગ્રેસ, અન્નાદ્રમુક, ટીએમસી, એનસીપી અને સીપીએમ જેવા મોટા પક્ષોએ અવિશ્વાસ પ્રસ્તાવને સમર્થન આપવાની જાહેરાત કરી દીધી છે. અલબત્ત વર્તમાન સ્થિતિમાં ભાજપ એકલા દમ પર બહુમતિ પુરવાર કરવાની સ્થિતિમાં તેની સામે કોઈ સંકટ નથી પરંતુ વિરોધ પક્ષોને

મોદી સરકાર ઉપર પ્રહાર કરવાની તક મળશે. રાજ્યસભામાં પીયુષ ગોયેલે કહ્યું હતું કે, કોઈપણ સરકાર વર્તમાનની મોદી સરકારથી આંધ્રપ્રદેશના લોકોની જરૂરિયાતો અને માંગોને લઈને વધારે સંવેદનશીલ હોઈ શકે નહીં. સરકાર ખુબ જ ગંભીરતાપૂર્વક આગળ વધી રહી છે. આંધ્રપ્રદેશ તમામ મદદ કરવામાં આવી રહી છે. આમ આદમી પાર્ટીએ પણ મોદી સરકાર સામે અવિશ્વાસ દરખાસ્તનો ટેકો આપવાની જાહેરાત કરી છે. ટીડીપી અને વાઈએસઆર કોંગ્રેસની દરખાસ્તને શિવસેના પણ ટેકો

● અનુસંધાન પાન-૭ પર


On the Occasion of MARRIAGE, Hastashilpi presents

હસ્તશિલ્પી

સિલ્કઇન્ડિયા™ 2018

Last 2 Days Only

Exhibition cum sale of silk products across the country



**Fortune Inn Haveli Imperial Hall**
(Above Radhe Sweets), Sector - 11, Gandhinagar

From 9th to 18th March 2018
Time 10.30 am to 8.30 pm

**પ્રદર્શિત થનારા ઉપ્તાદનો :** બિહાર: ઓર્ગેનિક ટેસારી સિલ્ક સાડીઓ, સૂટ અને સ્ટોલ્સ, કર્ણાટક: ક્રિપ સિલ્ક, જોર્જિયેટ સિલ્ક, એરિની સિલ્ક અને પ્રિન્ટેડ સાડીઓ, તામિલનાડુ: કાંજિવરમ્ સિલ્ક સાડીઓ અને ડિઝાઇનર ફેન્સી સાડીઓ, આંધ્ર પ્રદેશ: ધર્મવરા, ઉપ્પડા, ગઢવાલ, મંગલગીરી અને પોચમપલ્લી સાડીઓ, ઉત્તર પ્રદેશ: મલબારી સિલ્ક, જામદની, જામવર સિલ્ક સાડીઓ અને શિફોન સિલ્ક, મહારાષ્ટ્ર: ડિઝાઇનર ડ્રેસ મટિરીયલ્સ, પંજાબ: પટિયાલા ડ્રેસ મટિરીયલ્સ, ઓરિસ્સા: સંબલપુરી, ઇક્કત, બોમકાઈ સાડીઓ, હેન્ડલૂમ સિલ્ક કોટન, છત્તીસગઢ: વિશિષ્ટ રૉ સિલ્ક સાડીઓ, કોસા સિલ્ક, ટેસ્સાર સૂટ અને દુપટ્ટા, મધ્ય પ્રદેશ: મહેશ્વરી, ચંદેરી સિલ્ક સાડીઓ અને સૂટ, પશ્ચિમ બંગાળ: બાલુચરી, ઢાકા મસલી, ગિચા સાડીઓ, બૂટિક સાડીઓ, કન્થા સાડીઓ, ઝરદોશી, આસામ: મુગા અને એરી સિલ્ક સાડીઓ, જમ્મુ-કાશ્મીર: ચિનોન સિલ્ક, ટેબી સિલ્ક પ્રિન્ટેડ સાડીઓ, પશ્મીના શાલ અને સૂટ, રાજસ્થાન: કોટા સિલ્ક, હેન્ડ બ્લૉક પ્રિન્ટ ડ્રેસ અને સાડી, ગુજરાત: બાંધણી ડ્રેસ અને કૂર્તા અને બીજું ઘણું બધું...

Entry Free | All Credit & Debit Cards Accepted | Contact : +91 - 85534 16929 / +91 - 97560 25995 | Organised by : hastashilpi
(Registered with O/o D C (H), Ministry of Textiles,) Govt. of India



## ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ સિવિલ એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્ટ્સ

### ગાંધીનગરના સભ્યો જોગ

**અમારી એકતા પેનલના ઉમેદવારોને મત આપવા અને અપાવવા અમારી નમ્ર અપીલ છે.**

સી. એલ. મહેતા (સહમંત્રી) | પી. બી. પાઠક (કારોબારી સભ્ય)

## EKTA PANEL
## GICEA ELECTION

DATE 18.03.2018 (Sunday) & TIME 9.00 AM TO 1:00 PM
Following Ballot Sr. No. 3 to 17 are 15 Candidates of Ekta Panel

| Ballot Sr. No. | Name | Occupation |
|---|---|---|
| 3 | SHAH VIKRAM M | Adani Group |
| 4 | PATEL VIKRAM M | Principal-Adani Insti. of Infrastructure Engg. |
| 5 | SHAH NIGAM H | Vice Chairman - SSS of GICEA |
| 6 | SHAH SAURIN K | Project Management Consultant |
| 7 | PAREKH RAKESH N | Govt. Approved Class - A Contractor |
| 8 | PATEL DILIP S | Ex Vice President GICEA & Director Harshdip Builders Pvt. Ltd. |
| 9 | PATEL PRAVIN P | Vice Chairman-The Indian Institute of Architect (A'bad) |
| 10 | PATEL KIRTI C ( K C ) | MD - Design Code Pvt. Ltd. |
| 11 | PATEL NARENDRA K ( N K ) | CMD - Sun Builders |
| 12 | PATEL AJENDRA N (AJAY) | MD - Krishna Tuff Pvt. Ltd. |
| 13 | SHAH VIKAS J | Hon. Jt. Treasurer Gicea |
| 14 | MEHTA HASMUKH N | Founder Hon. Secretary SSS of Gicea |
| 15 | VASANI RUPESH P | Principal of Sal Institute of Engineering & Research |
| 16 | SHAH USHMA H | I/C Principal Govt. Girls Polytechnic, A'bad |
| 17 | RAWAL RAJESH J | Town Planner (Govt. of Gujarat) |

All Members are requested to cast Vote in Favour of above 15 Candidates (15 votes are Compulsory) (More than 15 or Less than 15 votes are Invalid)

Please bring any government value Photo ID Proof / GICEA ID Card.



## અભિનંદન ! અભિનંદન ! અભિનંદન !

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક 121/2016-17નાં જાહેર થયેલ અંતિમ પરિણામમાં

ગુજરાત વહીવટી સેવા વર્ગ-1 અને ગુજરાત સિવિલ સેવા વર્ગ-1 અને વર્ગ-2માં સફળ થયેલા કિશ્વા કેરિયર એકેડમીના ઉમેદવારોને સમગ્ર કિશ્વા પરિવાર અભિનંદન પાઠવે છે.

### કિશ્વા કેરિયર એકેડમીના તેજસ્વી તારલાઓ


મદાત ધવલ
Merit No.65
Section Officer (Sachivalay)
Seat No. 113133953


ચૌધરી કિંતનકુમાર
Merit No. 88
Section Officer (Sachivalay)
Seat No. 113132421


ચાવડા જયરાજસિંહ
Merit No. 114
Seat No. 106072988


સુથાર ખુશ્બુ
Merit No. 152
Seat No. 106079890


શ્રીમાળી ધવલ
Merit No. 157
Section Officer (Sachivalay)
Seat No. 113123016


ડોક્ટર યુગાંક
Merit No.162
District Inspector of Land Records
Seat No. 101044345


વાળંદ ઉર્વિશ
Merit No.196
Mamlatdar
Seat No. 113131175


રવિયા ધવલ
Merit No.199
Mamlatdar
Seat No. 101001467


પટેલ પાયલ
Merit No. 203
Section Officer (Sachivalay)
Seat No. 107093562


ભેડા મોનિકા
Merit No. 207
Section Officer (Sachivalay)
Seat No. 115149724
સમગ્ર પરિણામમાં સૌથી નાની વયના ઉમેદવાર


પટેલ યોગીના
Merit No. 212
Section Officer (Sachivalay)
Seat No. 118168467


ડો. અભયસિંગભાઈ ચૌહાણ
Merit No. 219
Section Officer (Sachivalay)
Seat No. 106076438


ચૌધરી જાગૃતીબેન
Merit No.221
Mamlatdar
Seat No. 113124029


ઓઝા દ્દષ્ટિ
Merit No. 244
Asst. District Registrar
Seat No. 113125094


દેસાઈ સત્કાર
Merit No. 247
Section Officer (Sachivalay)
Seat No. 113135004


ચાવડા વિશાલ
Merit No. 293
Dy.S.P.
Seat No. 113119227


નિનામા ભવ્ય
Merit No.296
Mamlatdar
Seat No. 113135302


મોદી દીપકુમાર
Merit No. 318
Section Officer (Sachivalay)
Seat No. 107090690


ડો. મિતાબેન ડોડિયા
Merit No. 324
GAS (Deputy Collector)
Seat No. 113115416

KISWA CAREER ACADEMY

સંચાલક ડૉ. શહેઝાદ કાઝી

**કિશ્વા કેરિયર એકેડમી** (M) 72268 50500 (M) 72289 37500

પ્લોટ નં.૮૬૩, પ્રથમ માળ, વિશ્વકર્મા શોપિંગ સેન્ટર, ગવર્નમેન્ટ લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર. ✦ સમય સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ✦ રવિવારે રજા રહેશે.